# અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલયના ખાતમુહૂર્ત વિધિ સંપન્ન

મોડાસા, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લામાંથી નવનિર્માણ પામેલા અરવલ્લી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીએ જિલ્લાકક્ષાનું પક્ષનું કાર્યાલય હંગામી ધોરણે મેઘરજ રોડ પર આવેલા મોડાસા તાલુકાના ૧૧ ગામ પાટીદાર સમાજની સમાજવાડીમાં કાર્યરત હતુ. પરંતુ પાટીદાર અનામત આંદોલનને પગલે પાટીદાર સમાજ દ્વારા ભાજપા સામે બાયો ચઢાવતા દસ દિવસની અંદર કાર્યાલય ખાલી કરવાનો આદેશ આપતા ભાજપાના હોદ્દેદારોમાં સોપો પડી ગયો હતો. ત્યારે ભાજપા પાર્ટી દ્વારા મોડાસા-મેઘરજ બાયપાસ રોડ પર ખરીદેલી ૧ વિઘા જમીન પર અદ્યતન ભાજપા કાર્યાલયના ખાતમુહૂર્ત વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

જનતા પાર્ટી અરવલ્લી જિલ્લા



દ્વારા મોડાસા બાયપાસ નજીક

આજે કાર્યાલયનું ખાતમુહૂર્ત ગુજરાત પ્રદેશ મહામંત્રી કે.સી.

મંત્રી રજની પટેલની અધ્યક્ષા હેઠળ ખાતમુહૂર્ત વિધિ સંપન્ન કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલય અદ્યતન અને ડિઝીટલ બનાવવાનું હોવાથી જિલ્લાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. ખાતમુહૂર્ત વિધિમાં અરવલ્લી જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, અરવલી જિલ્લા પ્રમુખ ભરતસીંહ રહેવાર, જિલ્લા પંચાયત પ્રમુખ નેહાબેન પટેલ, જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયતના પ્રમુખ ભાવનાબેન, સાંસદ દિપસીંહ રાઠોડ, ભાજપા મહામંત્રી ધીરેન પ્રજાપતી, રાજુભાઈ પટેલ, યુવા મોરચાના પ્રમુખ અનીલ પટેલ, તાલુકાના ઉપપ્રમુખ અને અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, કાર્યકરો અને યુવા મોરચાના અને સંગઠનના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

## ભાજપ કાર્યાલયના ખાતમુહૂર્ત વિધિએ જ ૧૦ હોદ્દેદારો અને ૧૦૦ કાર્યકરોના ભાજપમાંથી રાજીનામા

અરવલ્લી ભાજપા કાર્યાલયની ખાતમુહૂર્ત વિધિ ગૃહ રાજ્યમંત્રી રજની પટેલની ઉપસ્થિતિમાં શુક્રવારે યોજાઈ હતી. ત્યારે અનામત આંદોલનને થાળે પાડવા ગુજરાત સરકારે આર્થિક પેકેજની ઘોષણા કરી હતી. ડુગરવાડા ગામના પાટીદાર યુવાનોને મુખ્યમંત્રીએ કરેલા પેકેજને લોલીપોપ ગણાવી જિલ્લા ભાજપા કાર્યાલય પર ૧૦૦થી વધુ ભાજપના કાર્યકરો અન ૧૦થી વધુ હોદ્દેદારોએ રાજીનામા અરવલ્લી જિલ્લા ભાજપા મહામંત્રી આગળ ધરી દેતા મહામંત્રીએ રાજીનામા સ્વીકાર કરવાના બદલે કાર્યાલય છોડીને જતા રહ્યા હતા.

અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલયનું ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થતા ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓમાં આનંદ છવાયો હતો. ભારતીય આવેલા દેવરાજધામની બાજુમાં ૧ વિઘા જમીન સંપાદન કરવામાં આવી હતી. ભાજપા કાર્યાલયના મકાનમાં અદ્યતન સુવિધાઓ અને ડિઝીટલ કાર્યાલયના નિર્માણ માટે પટેલ અને ગુજરાત રાજ્ય ગૃહમંત્રી અને અરવલ્લી જિલ્લા પ્રભારી

## ભાજપા કાર્યાલયના બેનરમાંથી હાર્દિક શબ્દ ગાયબ

ગુજરાત રાજ્યમાં પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલ




રાજ્ય સરકારના નાકે દમ લાવી દીધો છે. પાટીદાર સમાજ ભાજપાની વોટબેંક ગણાતી હતી પરંતુ છેલ્લા કેટલાય સમયથી પાટીદાર અનામતની માંગ પ્રબળ બનતાં પાટીદાર સમાજ હાર્દિકની આગેવાની હેઠળ વિવિધ રેલીઓ અને ભાજપા વિરૂદ્ધ જલદ પ્રોગ્રામો આપી રાજ્ય સરકારને ભીડમાં લેતાં રાજ્ય સરકારને હાર્દિક નામથી સૂંઘ ચડી હોય તેવા બેનરો આજે અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલયના ખાતમુહૂર્તની વિધિમાં લાગેલા બેનરોમાં નેતાઓને અને કાર્યકર્તાઓને આવકારવા માટેના બેનરોમાં હાર્દિક આમંત્રણની જગ્યાએ ભાવભીનુ આમંત્રણ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# મોડાસામાં પાટીદારોએ ભાજપના અગ્રણીઓને લોલીપોપ આપી

મોડાસા, તા. ૨૫

છેલલા કેટલાય સમય થી ગુજરાત રાજય માં આનમત ની માંગ ને લઈ ને પાટીદારો ધ્વારા ઠેર ટેર પ્રદશન અને દેખાવો તેમજ રેલીયો યોજવામાં આવી રહયી છે દિવસે ને દિવસે પાટીદારો ધ્વારા



અનામત આંદોલન ઉગ્ર ને ઉગ્ર બનતુ જાય છે. ત્યારે આ આંદોન ને શાંચ પાડવા માટે ગુજરાતરાજય ના મુખ્યમંતર આનંદીબેન પટેલે ગઈકાલે બીન અનામત જાતીઓ માટે રૂ ૧૦૦૦ કરોડ નુ વિશેષ પકેજ જાહેર કર્યુ હતુ ત્યારે આ પકેજ જાહેર કરાતા ગુજરાત રાજય ના દરેક જીલલા ઓ માં ભાજપ ના કાર્યકર્તાઓ ધ્વારા આ પકેજ ને વધાવી લઈ ફટાકડા ફોડી ખુશી વ્યકત કરાઈ હતી ત્યારે તે દરમ્યાન સુરત ખાતે ફટાકડા ફોડતા ભાજપના કાર્યકર્તાઓ ઉપર પાટીદારો ધ્વારા પથ્થરમારો કરતાં વાતાવરણ તંગ બન્યુ હતુ જયારે બીજી બાજુ આ પકેજ ને પાટીદારો એ લોલીપો સમાન ગણાવ્યુ હતુ અને અમારૂ અનામત આંદોલન ચાલુરહેશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

પાટીદાર અનામત ની આગ ને સરકારે જાહેર કરેલ પકેજ પણ શાંત કરી શકયુ નથી તેનૈુ દાહરણ આજે અરવલ્લી જીલલા ના ભાજપ કાર્યાલય પર જોવા મળ્યુ હતુ અરવલ્લી જીલ્લા ભાજપ કાર્યાલય ને ખાલી કરાવવા આજે પાટીદારો એ મચાવેલ હલ્લાબોલ સ્પષ્ટ પણ દેખાઈ આવતો હતો મોડાસીયા કડવા પાટીદાર સૃમાજ ની વાડી માં ચાલતો ભાજપ કાયાલય પર પહોચેલા પાટીદારો એ મુખ્યમત્રી જાહેર કરેલા પકેજ ને લોલીપોપ સમાન ગણાવી ભાજપ અગ્રણીઓને લોલીપોપ આપવામાં આવી હતી જયારે અનામતના સર્મથન માં ડુગરવાડા ગામના ભાજપના પાટીદાર કાર્યકરો એ સામુહીક રાજીનામા આપવા તજવીજ હાથ ધરતાં કાર્યાલય પર હાજર હોદ્દેદારો કાર્યાલય છોડી ભાગી ગયા હતા જયારુ આગામી દિવસો માં દરેક ગામના પાટીદારો સયો અને કાર્યકરો એ સામુહીક રાજીનામા આપવાની તૈયારી હાથ ધરી છે. ત્યારે આવનારી સ્થાનીક સ્વરાજ ની ચુટણી માં પાટીદારો ની અનામત ની આગ ભાજપા માટે ચુટણી માં કપરા ચઢાણ રૂપ બની રહે તો નવાઈ ની વાત નહી.

## સરકારે જાહેર કરેલ પકેજ ને લઈ ને વોટ્સએપ રમુજી કવિતા ફરતી થઈ

પાટીદારો ધ્વારા છેલલા કેટલાય દિવસ થી અનામત ને લઈ ને આંદોન ચલવામાં આવી રહયુ છે ત્યારે આંદોલન ને શાંત કરવા સૃરકારે ૧૦૦૦ કરોડ નુ એક પેકેજ જાહેર કર્યુ હતુ પરંતુ આ પકેજ પણ પાટીદારો ની માંગ ને શાંત કરી શકયુ નથી ત્યારે પાટીદારો ધ્વારા આ પકેજ ને લઈ ને વ્હોટસએપ અને સોશીયલ મીડીયા પર એક રમુજી કવિતા ફરતી કરવામાં આવી છે.

“વારતા...રે ..વારતા...  
ફઈ પેકજ લાવતા...  
ભત્રીજાને સમજાવતા...  
એક ભત્રીજો રીસાયો ..  
પેકેજ ભાળી ખીજાયો ...  
પેકેજ સ્વીકારવાની ના પાડી ..  
ફઈ એ બુમ પાડી..  
અરરરર માડી.....”



બનાસકાંઠાના અંબાજીમાં આવેલ સુપ્રસિદ્ધ અંબાજી મંદિરે ભાદરવી મહામેળામાં રાજ્યના ત્રણ મંત્રીઓ મંદિરે આવી માતાજીના દર્શન કર્યા હતા. મહામેળા પ્રસંગે ટ્રસ્ટ દ્વારા ૧૧,૧૧૧ કિલોગ્રામના બુંદીના લાડુને બનાવી મંત્રીની હાજરીમાં માતાજીને ધરાવાયો હતો. આ લાડુ વિશ્વના સૌથી મોટા લાડુ તરીકે ગીનીસ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવે તે માટે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટે કાર્યવાહી હાથ ધરી છે. પૂજા-અર્ચના બાદ મંત્રી રમણલાલ વોરા તથા શંકરભાઈ ચૌધરીએ અંબાજી મુકામે વિશ્વના સૌથી મોટા લાડુને પ્રસાદ સ્વરૂપે યાત્રિકોને વિતરણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કલેક્ટર દિલીપ રાણા, પોલીસ અધિક્ષક ચિરાગ કોરડીયા, જી.પી. બ્રહ્મભટ્ટ, રાજકુમાર પટેલ, જી.સી. અલગોતર, બકુલેશ શુકલ, ગિરીશ પટેલ, આર.કે. પટેલ સહિત મહાનુભાવો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# સાબરકાંઠામાં નાગરિકોને લોનની લાલચ આપી કંપનીના એજન્ટે ૧૮ લાખનું ફુલેકુ ફેરવ્યું

### ઓમેગા ફાયનાન્સ કંપનીમાં લોકોએ આંખે પાટા બાંધી કંપનીના ખાતામાં રૂપિયાનો ઢગલો કર્યો : પર્સનલ લોન, હોમલોન, વ્યવસાય લોન, એગ્રીકલ્ચર લોનના બહાને કંપનીના એજન્ટની જાદુઈ છડીમાં લોન ગ્રાહકો લપેટમાં લપેટાઈ ગયા : એરીયા મેનેજરે વેબસાઈટ ઉપરથી કંપનીનો સંપર્ક કરી બે જિલ્લાનો મેનેજર બન્યો હતો

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી લોકોને સસ્તી લોન આપવાના બહાને અઢાર લાખથી પણ વધારેનું ફુલેકું ફેરવી દેવામાં આવ્યું છે અને લોન ગ્રાહકો ઉંઘમાંથી જાગ્યા પણ બહુ મોડુ થઈ ગયું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો.



મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના બાદલજીના મુવાડાના કુમારસિંહ કિર્તીસિંહ ઝાલા જેવોએ ઈન્ટરનેટ ઉપર સર્ચ કરી ઓમેગા ફાયનાન્સ કંપની ઓમેગા એફઆઈ નામની કંપનીમાં નેટના માધ્યમથી સાબરકાઠા અને અરવલ્લી જિલ્લાના મેનેજર બન્યા અને તેઓએ તેમના હાથ નીચે બન્ને જિલ્લાઓમાંથી તેમણે જુદા જુદા એજન્ટો બનાવ્યા હતા. જ્યારે બન્ને જિલ્લાઓમાંથી કુલ લોન માટે ૫૧૦થી પણ વધારે ફાઈલો એજન્ટો દ્વારા તૈયાર કરી હતી. જ્યારે પ્રાંતિજ તથા તાલુકામાંથી એજન્ટ દ્વારા ૧૧૦ ફાઈલો તૈયાર કરવામાં આવી હતી અને કંપની દ્વારા હોમલોન, પર્સનલ લોન, હાઉસીંગ લોન, વ્યવસાય ધંધા માટે વગેરે ઉપર લોન આપવાના બહાને લોન ગ્રાહકો પાસેથી વીસ હજાર, પંદર હજાર, દસ હજાર હિંમતનગર ખાતે આવેલ અલ્હાબાદ બેંક તથા બેંક ઓફ ઈન્ડિયામાં કંપનીના ખાતામાં રૂપિયા ભરાવવામાં આવતા હતા અને સામે લોન ગ્રાહકોને ૧૨ લાખ, ૪ લાખ, ૪૫ હજાર, ૬૦ હજાર તથા આઠ ચેક એક લાખના જેવા ચેકો આપવામાં આવ્યા હતા અને કોઈ લોન ગ્રાહકોને તો પહેલો લોન પેટેનો હપ્તો કાપીને ચેક આપવામાં આવ્યો હતો. જ્યારે જે તે તારીખ બેંકોમાં ગ્રાહકો રકમ ઉપાડવા જતા ચેક રીટર્ન થતાં આખી વાત ભાંડો ફુટ્યો હતો. જ્યારે એજન્ટોએ એરિયા મેનેજરને પકડ્યો હતો જ્યારે પ્રાંતિજ તાલુકામાંથી ૧૧૦ ફાઈલો ગ્રાહકો પાસેથી પાંચ લાખ ચાલીસ હજાર અને અરવલ્લીમાંથી ૪૦૦ ફાઈલોમાંથી બાર લાખથી પણ વધારેની લોન ગ્રાહકો પાસેથી બન્ને જિલ્લાઓમાંથી અઢાર લાખ ઉપર લોન ગ્રાહકો પાસેથી સસ્તી લોનની લાલચમાં પડાઈ લેવામાં આવ્યા છે ત્યારે અહી કહેવત સાચી પડી છે કે લોભી હોય ત્યાં ધુતારા ભુખે ના મરે... જ્યારે સમગ્ર મામલો હાલ પોલીસ દરબારમાં પહોંચ્યો છે. હવે જોવાનું એ રહ્યું કે આ સસ્તી લોન લેનારા ગ્રાહકોને તેમના નાણાં પાછા મળશે કે કેમ એ જોવાનું રહ્યું.

# બનાસડેરીમાં આખરે હાઈકોર્ટના આદેશથી વહીવટદારની નિમણુંક

### પરથીભાઈના ધમપછાડા છતાં વહીવટદારની નિમણુંક રોકવાની માંગ કોર્ટે ફગાવી : ડીસાના પ્રાંત અધિકારી ડૉ. દિગંત બ્રહ્મભટ્ટે વહીવટદાર તરીકેનો ચાર્જ સંભાળ્યો

પાલનપુર, તા. ૨૫

એશીયામાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવતી બનાસ ડેરીની ચૂંટણી અને વહીવટદારની નિમણુંકને લઈ મામલો ગરમાતા અને હિંસક હૂમલો થયા બાદ આખરે હાઈકોર્ટ દ્વારા બનાસ ડેરીના વર્તમાન ચેમરેન પરથીભાઈ ભટોળે કરેલી વહીવટદારની નિમણુંક સામેની રીટ પીટીશન ફગાવી દી વહીવટદારની નિમણુંકનો આદેશ કરતાં ગુરૂવારે ડીસાના પ્રાંત અધિકારી ડૉ. દિગંદ બ્રહ્મભટ્ટે વહીવટદાર તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસ ડેરીમાં ૨૫ વર્ષથી એક હથ્થુ શાસન ચલાવી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરનાર પરથીભાઈ દ્વારા વહીવટદારની નિમણુંક રોકવા અનેક ધમપછાડા કર્યા હતા તેમજ પોતાના મળતીયાઓ દ્વારા ડેરીમાં હિંસક હૂમલો પણ કરાવ્યો હતો તેમ છતાં હાઈકોર્ટે યોગ્ય સમયે નિર્ણય લઈ વહીવટદારની પુનઃ નિમણુંક કરતાં હવે, પરથીભાઈના પગ તળેથી જમીન સરકી જવા પામી છે.

ગુરૂવારે પૂર્ણ સુનાવણી બાદ હાઈકોર્ટે પરથીભાઈની રીટ પીટીશન ફગાવી દઈ પુનઃ વહીવટદારની નિમણુંક કરવાનો આદેશ આપ્યો હતો. જેથી રાજ્ય રજીસ્ટાર દ્વારા ડીસાના પ્રાંત અધિકારી ડૉ. દિગંત બ્રહ્મભટ્ટની વહીવટદાર તરીકે નિમણુંક કરતાં તેઓએ ગુરૂવારે જ ચાર્જ સંભાળી લીધો હતો. જેથી હવે વહીવટદાર દ્વારા બનાસ ડેરીમાં થયેલા ભ્રષ્ટાચારની યોગ્ય અને તટસ્થ તપાસ થાય તેવી પશુપાલકો માંગ કરી રહ્યા છે.

# પાલનપુરમાં પશુપાલક હિત રક્ષક સમિતિની રેલીનો ફીયાસ્કો

બનાસ ડેરીમાં ૨૫ વર્ષથી એક હથ્થુ શાસન ચલાવી અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરનાર પરથીભાઈ ભટોળ સામે તપાસ શરૂ થતાં હવે, સત્તા ગુમાવવાનો વારો આવશે તેવા ડરથી પરથીભાઈએ સહન શિલતા ગુમાવી તેમના જ સમર્થકો દ્વારા જિલ્લા રજીસ્ટાર અને બનાસ ડેરીના વહીવટદાર એસ.બી. ચૌહાણ અને બનાસ ડેરીના ડીરેક્ટર અણદાભાઈ પટેલ સહિત અધિકારીઓ પર હૂમલો કરાવ્યા બાદ પણ ગુરૂવારે સરકાર પર દબાણ લાવવા પરથીભાઈ ભટોળના સમર્થનવાળી હિત રક્ષક સમિતિ દ્વારા મહારેલીનું આયોજન કર્યું હતું પરંતુ હવે, પશુપાલકો પરથીભાઈની મેલી મુરાદ જાણી ગયા હોવાથી મહારેલીમાં તેમના મળતીયા સિવાય કોઈ જ ફરક્યું ન હતું.



## દહેગામના રામદેવપીર મંદિરે નવરંગી નેજા ભાવિકોએ ચઢાવ્યા

દહેગામ શહેરના ઔડા તળાવ પાસે આવેલા રામદેવપીર મંદિરે ભીલ સમાજ દ્વારા રામદેવપીરના નેજા ચઢાવવામાં આવ્યા હતા. પરંપરા મુજબ ભાદરવી એકમથી અગિયારસ સુધી ભીલ સમાજના શ્રદ્ધાળુઓ પૂર્ણ ભક્તિભાવથી દહેગામના રામદેવપીર મંદિરે આવી દર વર્ષે ભજન કિર્તન અને પૂજા અર્ચના કરે છે. આ વર્ષે પણ ભાદરવી નોમે દહેગામ સ્થિત રામદેવપીર મંદિરે દૂર દૂરથી ભાવિકો નવરંગી નેજા વાજતે ગાજતે પદયાત્રા સ્વરૂપે લઈ આવ્યા હતા. આ ધાર્મિક પ્રસંગે ભીલ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## ધનસુરામાં બકરા ચરાવવા ગયેલા યુવાનનું વીજ કરંટથી મોત

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના રમોસ ગામની સીમમાં તારીખ ૨૪ના રોજ જીગરભાઈ જયંતીભાઈ વાઘરી રમોસ ગામનો યુવાન રમોસ ગામની સીમમાં બકરા ચરાવવા ગયો હતો. પરંતુ આ યુવાન મોડી સાંજ સુધી ઘરે પરત ન ફરતાં તેના સગા સંબંધીઓએ શોધખોળ આદરતા આ યુવાન મૃત હાલતમાં રમોસ ગામની સીમમાંથી મળી આવતા વિક્રમભાઈ જયંતીભાઈ વાઘરીએ ધનસુરા પોલીસ સ્ટેશને જાણ કરતાં આ યુવાનનું મોત વીજ કરંટ લાગવાથી થયેલું હોવાનું બહાર આવ્યું હતું.

## ધાનેરા તાલુકા પંચાયત પર કોંગ્રેસનો કબજો

ધાનેરા, તા. ૨૫

બનાસકાંઠાની ધાનેરા તાલુકા પંચાયત પર કોંગ્રેસે કબજો મેળવતા ભાજપના સભ્યો દ્વારા વિરોધ ચુંટણી માટે આંગળી ઉંચી ન કરી બનાસકાંઠાના ધાનેરા તાલુકા પંચાયત ખાતે બીજા ટર્મની આજે પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી યોજાઈ હતી. જેમાં તાલુકા પંચાયત પર કોંગ્રેસે કબજો મેળવ્યો હતો જેમાં કોંગ્રેસના સીતાબેન શીવાભાઈ ભીલ પ્રમુખ પદે બીનહરીફ ચુંટાયા હતા અને ઉપપ્રમુખ પદે ચૌધરી જેશુંગભાઈ લક્ષ્મણભાઈ વિજયી બન્યા હતા.

બીજી તરફ ભાજપના સભ્યોએ જણાવ્યું હતું કે તાલુકા પંચાયત સભ્યની ૨૧ સીટ હતી જેમાં તેમને બેસવા માટે ખુરશીની પણ વ્યવસ્થા ન હતી તે માટે તેમણે વિરોધ કર્યો હતો અને ચુંટણી માટે આંગળી પણ ઉંચી કરી ન હતી. અને જણાવ્યું હતું કે જે પ્રમુખ બિન હરીફ જીત્યા તે વાત ખોટી છે ગઈ કાલે અમારા પ્રમુખના ઉમેદવારને ધાનેરાના ધારાસભ્ય અને તેમના સાગરીતો આવી અપહરણ કરીને ઉપાડી લઈ ગયા હતા અને એકાંત જગ્યા પર ફેંકી દીધા હતા. જયારે અમને ખબર પડી કે અમારા ઉમેદવાર ત્યાં છે ત્યાં જઈને અમે ફોર્મ ભરવા આવ્યા ત્યારે અમારું ફોર્મ સ્વીકાર્યું નહિ. અમે ધાનેરા પોલીસ અને ધાનેરા તાલુકા પંચાયતમાં લેખિતમાં જાણ કરી છતાં પણ અમારું કોઈએ સાંભળ્યું નહિ.



મોડાસાના ચારરસ્તા પાસે આવેલ મહાલક્ષ્મી ટાઉન હોલ ખાતે કોંગ્રેસના ધારાસભ્યો મોડાસાના રાજેન્દ્રસિંહ ઠાકોર અને ભિલોડાના અનીલ જોશીયારા તેમજ અરુણભાઈ પટેલ , વનરાજસિંહ,અને સરડોઈ ગામના સરપંચ જયદત્તસિંહ પુવાર તથા અરવલ્લી જીલ્લાના કોંગ્રેસના પ્રમુખ મંચસ્થ ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. આ સભા બાદ તમામે રેલી સ્વરુપે જઈ જીલ્લા કલેકટરને શિક્ષણનુ ખાનગીકરણ, ફી વધારા, બી.એડ.નો કોર્ષ બે વર્ષ ને બદલે એક વર્ષનો કરવો ગામડામાંથી શહેરમાં શિક્ષણ મેળવવા આવતા મફત બસ પાસ આપવો જેવી ૯ કરતાં વધારે માંગનીઓ સાથે આવેદન પત્રઆપ્યુ હતું.